અનુસૂચિત જાતિઓની કુમારીકાઓના
લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિકાસ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
ઠરાવ નં. અજાક/૧૦/૨૦૧૧/૭૭૩૦૩૫/ગ
તા.૧૬/૬/૨૦૧૨

વંચાણે લીધા

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ)સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૬૪૫/જ, તા.૮/૫/૯૧.

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૧૧૬૯૩/જ તા.૧/૮/૯૧

(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૩૪૬૨/જ, તા.૬/૧/૯૨

(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૯૭૫/જ, તા.૨/૫/૯૫.

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૧/૯૭૫/(૯૫)/ઝ, તા.૨૦/૧૦/૯૫.

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજ કલ્યાણ પ્રભાગ) સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૯૫/મ.ન./૬૯/ઝ તા.૧૧/૧૨/૯૫

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક. એસ.સી.ડબલ્યું./૧૦૨૦૦૩/૨૨૫૨/ગ,તા.૨૨/૨/૦૬

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.અજાક/૧૩૦૮/ન.બા-૩૧/ગ, તા.૨૯/૩/૨૦૦૮

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય,ગાંધીનગરનો પત્ર નં.અજક/૧૩૦૮/૧૧૦૯/ગ, તા.૩૧/૫/૨૦૦૮

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક.અજાક/૧૩૦૮/ન.બા /૩૧/ગ, તા.૭/૭/૨૦૦૯

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૧/૧૧૯/ગ, તા.૪/૪/૨૦૧૧

(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ
ક્રમાંક.સજાક/૧૩૦૮/ન.બા /૩૧/ગ. તા.૧૩/૪/૨૦૧૨

ઠરાવ:-

આમુખમાં દર્શાવેલ વંચાણ ૧ થી ૧૨ પરના કુંવરબાઈના મામેરા યોજનાને લગતા સરકારશ્રીના તમામ ઠરાવો/પરિપત્રો/પત્ર થી પ્રસ્તુત યોજનાનો અમલ કરવામાં આવી રહેલ છે. આ યોજનાનો અમલ કરવામાં જૂદા-જૂદા ઠરાવોની સંખ્યા ઘણી વધી જાય છે તેથી તેનો અમલ કરવામાં તથા અરજદારોને સમજ પાડવામાં ક્યાંક ક્યાંક મુશ્કેલિઓ સર્જાય છે તેથી આ સમગ્ર યોજનાને આવરી લેતા તમામ ઠરાવોનો એક સંકલિત અધ્યતન ઠરાવ બહાર પાડવો જરૂરી જણાતાં, કુંવરબાઈના મામેરા યોજનાને લગતા સરકારશ્રીના ઉપરોક્ત વંચાણે લીધેલ ૧ થી ૧૨ પરના તમામ ઠરાવો/ પરીપત્રો/હુકમો આથી રદ કરવામાં આવે છે. અને "કુંવરબાઈનું મામેરૂ" યોજના નીચે જણાવેલ શરતો અને જોગવાઈઓને આધિન રહીને અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) સહાયની રકમ

અનુસૂચિત જાતિના કુંટુંબની કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ રૂા.૧૦,૦૦૦/-(દશ હજાર પૂરા)ની રકમ લાભાર્થી કન્યાને ચેકથી ચુકવવાની રહેશે.

(અ) આ યોજનાનો લાભ નીચેની શરતોને આધિન આપવાનો રહેશે.

(૧) આ યોજનાનો લાભ અનુ.જાતિઓને (ગુજરાત રાજ્યના મૂળ વતનીઓને) જ મળવાપાત્ર છે.

(૨) કુમારીકાના માતા/પિતા/વાલીની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂા.૩૬૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૨૭૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.આ ઠરાવમાં દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ પાસેથી મેળવેલ વાર્ષિક આવકના પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

(૩) કુટુંબની પુખ્તવયની કન્યાના લગ્ન પ્રસંગે આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે.પુંનઃલગ્નના કિસ્સામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૪) આ યોજનાનો લાભ મેળવવા માટે લગ્ન નોંધણી પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(૫) આ યોજના તા.૧/૪/૨૦૧૨થી અમલમાં આવતી હોય, આ યોજનાનો લાભ મેળવવા અંગે તા.૧/૪/૧૨ પહેલાં મળેલ અરજીઓ પૈકી પડતર અરજીઓનો નિકાલ જુની યોજનામાં દર્શાવેલ જોગવાઈઓ મુજબ જ કરવાનો રહેશે.

(૬) લગ્ન કરનાર કન્યા અને યુવકના ઉંમરના પુરાવા ફરજીયાત રજુ કરવાના રહેશે.

(૭) લગ્ન કરનાર કન્યાનો સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ જાતિ અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૮) લગ્ન કરનાર કન્યા અને યુવકનો લગ્ન સમયનો સંયુક્ત કલર ફોટો રજુ કરવાનો રહેશે.

(૯) આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે નિયત અરજી પત્રકમાં જરૂરી વિગતો આધાર-પુરાવા સહ અરજી કરવાની રહેશે. આ અંગેના અરજી પત્રક,એકરારનામા,આવકના દાખલા તથા બાંહેધરી પત્રકના નમુના આ ઠરાવ સાથે સામેલ નમુના મુજબના રહેશે.

(૧૦) આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીએ/કુમારીકાએ લગ્ન કર્યાના બે વર્ષની અંદર સંબંધિત અધિકારીને અરજી કરવાની રહેશે. મુદત બહાર મળેલ અરજીઓ નામંજુર કરવાની રહશે

(૧૧) સમૂહ લગ્નમાં ભાગ લેનાર લાભાર્થી કન્યા સાત ફેરા સમૂહ લગ્ન યોજના તેમજ કુંવરબાઇનું મામેરું યોજનાની તમામ શરતો પરિપૂર્ણ કરતી હોય તો આ બંન્ને યોજનાઓ હેઠળ લાભ મેળવવા પાત્ર ઠરશે.

(બ) <u>આવક અંગેનો દાખલો નીચેના અધિકારીઓ/પદાધિકારીઓ  પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) તલાટી-કમ-મંત્રી

(૨) સંબંધિત ગ્રામ/નગર પંચાયતના સરપંચ

(૩) સંબંધિત તાલુકાના નાયબ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી

(૪) સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને મામલતદાર

(૫) સંબંધિત જિલ્લા/તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન,

(૬) સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ,

(૭) વર્ગ-૧ અથવા વર્ગ-૨ના કોઈપણ રાજ્ય પત્રિત અધિકારી

(૮) સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી

(૯) સંબંધિત જિલ્લાના નાયબ કલેક્ટર અને કલેક્ટર

(૧૦)સંસદ સભ્યશ્રી/ધારા સભ્યશ્રી

(૧૧) નગર પંચાયતના સેક્રેટરી

(૧૨) સંબંધિત નગરપાલીકાના ચીફ ઓફિસર,

(૧૩) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના અનુ.જાતિના મ્યુનિ.કાઉન્સીલર/મ્યુનિ.કોર્પોરેટર

(૧૪) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના જુદી-જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓ

(૧૫) સંબંધિત નગરપાલીકા/મહાનગર પાલીકાના મેયરશ્રી/ડેપ્યુટી મેયરશ્રી,

<u>(ક) જાતિ અંગેનો દાખલો નીચેના અધિકારીઓ પૈકી કોઈપણ એક પાસેથી મેળવીને અરજી સાથે જોડવાનો રહેશે.</u>

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જિલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર/વધારાના નાયબ કમિશ્નર/ નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સીટી મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહીં) /તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ

(૩) સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.

(૪) મામલતદારથી નીચેની કક્ષાના નહી એવા મહેસૂલી અધિકારીઓ

(૫) ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૬) વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ/તાલુકા વિકાસ અધિકારીઓ.

## <u>આવકનું પ્રમાણપત્ર</u>

તા............................

આથી પ્રમાંણપત્ર આપવામાં આવે છે કે, શ્રી..........................................ગામ................ તા.....................જિ..............................ના રહેવાસી છે. તેમના કુટુંબની વર્ષ.......................ની કુલ વાર્ષિક આવક રૂા.........................(અંકે રૂપિયા...............................પુરા) છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સહીઃ

સિક્કોઃ

## <u>સમાજ કલ્યાણ નિરીક્ષકનો અભિપ્રાય</u>

અરજદારની અરજીમાં દર્શાવેલ વિગતોની મેં જાતે સ્થળ પર જઈ ચકાસણી કરી ખાત્રી કરેલ છે. અને મને અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી જણાયેલ છે. તેથી આ અરજી મંજુર કરવા ભલામણ છે.

અરજદારની વિગતો

(૧)..............................(૨).................................(૩)........................................ સાચી જણાયેલ નથી.

તેમજ..........................................................................................................

કારણોસર આ અરજી નામંજુર કરવા ભલામણ છે.

સ્થળઃ

સમાજ કલ્યાણ નિરીક્ષક

તારીખઃ

તાલુકો.......................

જિલ્લો.......................